GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# અંધકાર થી અજવાસ તરફ કેવી રીતે ??????

## શીતલ રાઠોડ

અધયપક સહાયક
S.L.U. આર્ટસ અને એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ ફોર વુમન

લક્ષ્મી કોને ના ગમે ! પણ, વાત જ્યારે દીકરીની આવે ત્યારે કેટલા લોકો તેને લક્ષ્મી તરીકે સ્વીકારે છે તે વિચારવાનો પ્રશ્ન છે. બાકી જે ઘટનાઓ આપણી આસપાસ થઈ રહી છે એ ક્યારેય ન થાત. દ્રોપદીના ચિર પૂરવા તો શ્રીકૃષ્ણ આવ્યા.પણ અત્યારે કોઇ કૌરવોની માફક નિહાળે છે તો કોઇ પાંડવોની જેમ લાચાર છે. જો દરેક વ્યક્તિના હૃદયમાં શ્રીકૃષ્ણ જેવી ભાવના હોય તો આવી ઘટનાઓ જ ના બને.

દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ ખોટો જ હતો પરંતુ આજે જે રીતે મા-બાપ દીકરી જન્મતા તેને તરછોડી દે છે, તે જોતા એમ લાગે કે પહેલાનો રિવાજ હજી પણ ક્યાંક ને ક્યાંક જીવંત છે.ભગવાન સમક્ષ લાખોવાર અરજી કરીને, બાધા રાખીને જ્યારે દીકરાની જગ્યાએ દીકરી જન્મે તો ભગવાનની મરજી સમજીને સ્વીકરવાને બદલે તેને છોડી દેવામા આવે છે. સમાજમા હજારો લાખો એવા કિસ્સા છે જ્યાં રસ્તા પર રઝળતી નવજાત બાળકી મળે,પ્લાસ્ટિકમા વીંટાળીને તેને મરવા માટે છોડી દેવામા આવે કે પછી ભ્રૂણમા જ તેની હત્યા કરી દેવામા આવે. આપણે જ્યા પશુ માટે જીવદયાની વાત કરીએ છે ત્યા આ બાબતનો વિચાર કરતા જ નથી.

આજે આપણે “Gender Equality”ની વાત કરીએ છે ત્યારે, ખરેખર લાગે કે જરૂર છે એ જાગૃતિની, જરૂર છે એ સમજણની, જરૂર છે એ લાગણીની જે ખૂબ અગત્યની છે. ભ્રુણહત્યા મધ્યમ અને ઉંચા વર્ગના લોકોમા વધારે જોવા મળે છે. જ્યારે દીકરીને જન્મ આપીને તરછોડી દેવાના કિસ્સા ગરીબ વર્ગમા જ જોવા મળે છે કારણ કે તેઓ બાળકની જાતિની તપાસ ગેરકાનૂની રીતે કરાવી શકતા નથી. આ કડવુ સત્ય છે જે સ્વીકારવું જ રહ્યું.

આ બધા કિસ્સા માટે જાહેર પ્રજાએ અને સરકારે આગળ આવવું જરૂરી છે. વિવિધ કેમ્પેઇન આપણે કરીએ છે તો આ માટે કેમ નહિ ! સરકાર વિવિધ યોજનાઓ લાવે છે બાળકી માટે. પણ તેનાથી ગરીબ વર્ગ અજાણ છે. જરૂર છે તેમને જાગૃત કરવાની કે દીકરી એ સાપનો ભારો નથી. દીકરી તો લક્ષ્મી છે, જેના આવવાથી ભાગ્યનાં બધા જ દરવાજા ખુલી જાય છે. આજે દીકરી એ દીકરા કરતા પણ સવાઈ સાબિત થાય છે. એક પિતા જે રીક્ષા ચલાવે છે તે ગર્વથી કહે છે કે મારી દીકરીએ સમગ્ર ગુજરાતમાં બોર્ડમાં નંબર લાવીને મારું નામ રોશન કર્યું. વાત ફક્ત આ એક કિસ્સાની નથી પણ આપણી આસપાસ બનતા આવા કેટલાંય કિસ્સાઓની છે. દીકરા અને દીકરી વચ્ચે જે ભેદ છે તે દૂર કરવાની જરૂર છે. એ આપણી જ ભૂલ છે, જેના લીધે દીકરી પર રેપ થાય છે. ક્યારેય કોઈ દીકરાની છેડતી થઇ હોય એવું સાંભળ્યું છે ? જન્મથી જ એને મર્યાદાના પાઠ શીખવવામાં આવે છે. પણ એ જ મર્યાદા દીકરાને શીખવવામાં આવે તો આવા કિસ્સા જ ના બને. ઘરના કામમાં પણ આપણે જોઈએ છે કે સ્ત્રી નોકરી કરે કે નહિ પણ ઘરના બધા જ કામ એને જ કરવા પડે છે અને પુરુષ કઈ ના કરે તો પણ ઘરનું કામ એનાથી ના કરાય એવું એને નાનપણથી જ શીખવવામાં આવે છે. ખાલી કહેવા ખાતર જ આપણે કહીએ છે કે સ્ત્રી-પુરુષ સમોવડી છે પણ એમાં તથ્ય કેટલું ? હવે તથ્યથી સત્ય તરફ જવાની જરૂર છે.

https://www.gapbhasha.org/

જે બનાવની આપવીતી સંભાળતા જ આપણી આંખોમાં પાણી આવી જાય ત્યારે એમ થાય કે જેણે આ ગુનો કર્યો તેને કઈ જ નહી થયું હોય? એ પણ તો માણસ છે આપણી જેમ જ. તો પછી કેમ ? શું એ આપણાથી અલગ છે ? શું તેનામાં લાગણી નહિ હોય ? દયાભાવના નહિ હોય ? ઘણાબધા પ્રશ્નો આપણા મનમાં ઘર કરી જાય છે. આપણે તેમને વિકૃત માણસ તરીકે ઓળખીએ છીએ. પણ જન્મથી તો કોઈ વિકૃત નથી હોતું ને! આ બધામાં ઘણીવાર સંસ્કાર અને સોશિયલ મીડિયા અગત્યનો ભાગ ભજવે છે.

અહીં કોઈ જાતિ માટે નહિ પરંતુ સમગ્ર માનવજાતને આવરી છે. લોકોની વિચારસરણી , આસપાસનું વાતાવરણ અને અનુસરણ અગત્યનો ભાગ ભજવે છે. આપણે આંધળાની જેમ પાશ્વાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરીએ છીએ. અનુસરણ કરવું હોય તો પૂરેપૂરું કરવું. જો આમ થાય તો વિદેશની જેમ જ આપણા દેશમાં પણ કોઈ દીકરી જયારે ટૂંકા વસ્ત્રો પહેરીને નીકળે તો કોઈની તાકાત નથી કે તેની ઈચ્છા વિરુદ્ધ તેને સ્પર્શ પણ કરે. વિદેશમાં જન્મ પહેલા જ બાળકની જાતિ જણાવવામાં આવે છે પણ ક્યારેય એબોર્શન કે બાળક જન્મતાની સાથે તેને ત્યજી દેવાનો વિચાર સુદ્ધા નથી આવતો. અહીં વાત આપની નિર્બળ માનસિકતાની જ છે. આપણા દેશમાં જ્યાં દીકરા માટે દીકરીઓને તરછોડવામાં આવે છે, ત્યાં જ વિદેશમાં દીકરો અને દીકરી બંનેને સમાન ગણવામાં આવે છે. ત્યાં દરેક અજાણી વ્યક્તિ સાથે મર્યાદામાં રહીને જ વાત કરે છે.

આપણે જેને જવાબદાર ઠેહરાવીએ છીએ, તે પરિબળો છે - મુવી ક્લિપ્સ, એડલ્ટ ફિલ્મો અને દેખાદેખી. પણ આ બધા માટે જવાબદાર કોણ? આખી દુનિયાના ખૂણે ખૂણે સોશિયલ મીડિયાનો પગપેસારો વધી રહ્યો છે ત્યારે, તેના સારા-નરસા પાસા જોવા જ રહ્યા. જેટલા ફાયદા છે, તેટલા જ તેના ગેરફાયદા પણ છે. આજે લોકો બીજાને બદનામ કરવા માટે એકાઉન્ટ હેક કરે કે તેમાં અશ્લીલ પોસ્ટ ચડાવે ત્યારે, એમ થાય કે આ બધું ક્યાં જઈને અટકશે? હવે જરૂર છે દિકરીઓને આની જાણકારી આપવાની અને સિક્યોરીટી સેટિંગ્સ શીખવવાની. આપણા સમાજમાં કઈ પણ બનાવ બને તો દીકરીઓને જ જવાબદાર ઠેરવવામાં આવે છે. 'તે જ કઇક કર્યું હશે, એટલે જ કીધું તું કે ટૂંકા વસ્ત્રો ના પહેર, સાસરું છે સહન કરવું પડે, છોકરીની જાતને મર્યાદામાં રહેવું જોઈએ.'

ક્યારેય દીકરાઓને કીધું છે કે પછી શીખવાડ્યું છે કે મર્યાદામાં રહેજે, કોઈની દીકરીની લાજ પર આંચ આવે તેવું કામ ના કરતો કે દીકરો-દીકરી બંને સમાન છે. અમારા માટે કે વહુ ઘરની લક્ષ્મી છે તેનું માન જાળવવું જોઈએ. આ ભેદ શા માટે ?

આપણે મોડર્ન સમાજમાં જીવવા માંગીએ છે પણ આપણા વિચારો જ્યાં સુધી મોડર્ન થાય, આ બધું નહિ સમજે ત્યાં સુધી દીકરીઓ પર અત્યાચાર થતા જ રહેશે અને આપણે ફક્ત ઉંહકારો જ કરી શકીશું કે જીવ બાળીશું કે કાશ પહેલા કરી શક્ય હોત તો આમ ના બનત.

દીકરો રડે તો તેને કહેવામાં આવે છે કે તું છોકરી છે તો રડે છે? તું તો મર્દ છે. સિંહ જેવો બન. પણ જો આ જ વાક્ય આપણે દીકરીઓને શીખવાડીએ કે તારા હક માટે લડતા શીખ. તું સિંહણ જેવી બન જવાબ આપતા શીખ. આત્મરક્ષણ કરતા શીખ. પણ આપણે દીકરીઓને દીકરા સમાન બનાવવા માંગતા જ નથી. દીકરીઓ માટે મર્યાદાની એટલી દીવાલો બનાવી દીધી છે કે તે પોતાની જાતનો વિકાસ કરી શકતી નથી, મુક્ત મને વિચારી શકતી નથી. આ મુદ્દો દરેક માં-બાપે સમજવાની જરૂર છે. જો સમાજને દૂષણમુક્ત બનાવવો હોય તો આ જરૂરી છે. બાકી કાલે ન્યુઝપેપરમાં ફરી એક નવા ન્યુઝ જોઇને ફક્ત જીવ બાળીને જે છે તે સ્વીકારી આગળ વધીએ. નક્કી આપણે કરવાનું છે કે આની સામે જંગ લડવી છે કે મૂક પ્રેક્ષક બનીને ફક્ત નિહાળવું જ છે. જો લડવું છે તો

https://www.gapbhasha.org/

શરૂઆત પોતાના ઘરથી જ કરો અને દીકરીઓને દીકરા સમાન જીવતા શીખવો. એ જ એના માટે ખરી આજીવન પૂંજી બની રહેશે.

https://www.gapbhasha.org/